ભાજપ સરકાર ખેડૂતલક્ષી નહીં, ખેડૂતભક્ષી છે: કોંગ્રેસ

# ગુજરાતને 30 ઓક્ટો.સુધીમાં દુષ્કાળગ્રસ્ત જાહેર કરો

**31મીએ** જામનગર, દ્વારકા અને પોરબંદરમાં ખેડૂત મહાસંમેલન યોજવાની કોંગ્રેસની ચીમકી

અમદાવાદઃ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવતાં ન હોવાનો આક્ષેપ કરતાં ખેડૂત અગ્રણીઓએ ભાજપ સરકારની નીતિઓ સામે સવાલો ઉઠાવ્યા છે. ભાજપ સરકાર ખેડૂતલક્ષી નહીં, ખેડૂતભક્ષી સરકાર છે. ત્યારે 30 ઓક્ટોબર સુધીમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારો જાહેર કરવામાં આવે અને વીજલાઈનોના કિસ્સામાં ખેડૂતોને યોગ્ય વળતર તથા જોખમ સામે વીમાની વ્યવસ્થા કરવામાં આવે, અને જો સરકાર આ માગણીઓનો સ્વીકાર નહીં કરે, તો 31 ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના દિવસે જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાના ખેડૂતોને સાથે રાખીને ખેડૂત મહાસંમેલન યોજવામાં આવશે, તેવું ખેડૂત અગ્રણી પાલ આંબલિયાએ જણાવ્યું હતું. સરકાર પર આકરા પ્રહાર કરતાં ખેડૂત અગ્રણી પાલ આંબલિયાએ જણાવ્યું હતું કે, એક તરફ NPK ખાતરની થેલીદીઠ રૂ. 500ના ભાવવધારાનો મુદ્દો છે, બીજી તરફ ખેડૂતોને આપવામાં આવતી વીજળીમાં ચારથી છ કલાકનો કાપ મૂકવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે ઓછા વરસાદને કારણે ખેતી મુશ્કેલીમાં છે, ત્યારે ખેડૂતોને રાહત આપવાને બદલે સરકાર તેમની મુશ્કેલીઓમાં વધારો કરી રહી છે. વરસાદની અછતને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં ખેતીની સ્થિતિ ચિંતાજનક બની છે. તેમણે દાવો કર્યો હતો કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર 16 ટકા વરસાદ નોંધાયો છે, જ્યારે દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં વરસાદનું પ્રમાણ માત્ર 7 ટકા રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતોને રાહત આપવા માટે સરકાર તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની કાર્યવાહી કરે તેવી માગ કરી હતી. મહારાષ્ટ્ર અને કર્ણાટક સરકારો દુષ્કાળગ્રસ્ત વિસ્તારો જાહેર કરતી હોય તો ગુજરાત સરકારને આવું કરવામાં શું વાંધો છે?

પાલ આંબલિયાએ આક્ષેપ કર્યો હતો કે વીજ કંપનીઓના હિતમાં ખેડૂતોની જમીનનું મૂલ્યાંકન યોગ્ય લાયકાત ધરાવતા નિષ્ણાતો પાસે કરાવવાને બદલે બિનખેતીની જમીન અને અન્ય મિલકતોના મૂલ્યાંકન સાથે સંકળાયેલા વેલ્યુઅર પાસે કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સરકારના 4 જુલાઈ, 2026ના પરિપત્ર અનુસાર માર્કેટ રેટ કમિટી (MRC) દ્વારા ખેડૂતોના ખેતરમાં વીજપોલ કે વીજતાર પસાર થવાના કિસ્સામાં જમીનની કિંમત નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના ઓડિશા સંગઠન પ્રભારી લાલજીભાઈ દેસાઈએ સરકારને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે 30 ઓક્ટોબર સુધીમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારો જાહેર કરવામાં આવે અને વીજલાઈનોના કિસ્સામાં ખેડૂતોને યોગ્ય વળતર તથા જોખમ સામે વીમાની વ્યવસ્થા કરવામાં આવે. જો સરકાર આ માગણીઓનો સ્વીકાર નહીં કરે, તો 31 ઓક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના દિવસે જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લાના ખેડૂતોને સાથે રાખીને ખેડૂત મહાસંમેલન યોજવામાં આવશે.

# 2027ની બોર્ડ પરીક્ષાઓની તૈયારી શરૂ શાળાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભ

**સ્કૂલ** રજિસ્ટ્રેશન, શિક્ષક રજિસ્ટ્રેશન અને વાર્ષિક નિરીક્ષણ અહેવાલની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ 2027ની જાહેર બોર્ડ પરીક્ષાઓની તૈયારીઓના ભાગરૂપે રાજ્યની તમામ સંલગ્ન શાળાઓ માટે સ્કૂલ રજિસ્ટ્રેશન, શિક્ષક રજિસ્ટ્રેશન અને વાર્ષિક નિરીક્ષણ અહેવાલ (Annual Inspection Report)ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ તમામ કામગીરી ઓનલાઈન કરવાની રહેશે. પરીક્ષાનાં આવેદનપત્રો ભરતાં પહેલાં સ્કૂલ રજિસ્ટ્રેશન અને પરીક્ષણ કાર્ય માટે શિક્ષક રજિસ્ટ્રેશન પૂર્ણ કરવું ફરજિયાત રહેશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે સ્કૂલ રજિસ્ટ્રેશન અને શિક્ષક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા આજથી શરૂ થઈ છે. સાથે જ વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરવા માટેની સમયમર્યાદા 17 નવેમ્બર, 2026 સુધી નક્કી કરવામાં આવી છે. ચાલુ વર્ષે નોંધાયેલી તમામ નવી શાળાઓએ નવેસરથી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. જ્યારે હાલ કાર્યરત શાળાઓએ અગાઉથી નોંધાયેલી માહિતી અદ્યતન કરવાની રહેશે. નવા રચાયેલા જિલ્લાઓની શાળાઓએ નવા ઈન્ડેક્સ નંબરથી લોગિન કરવાનું રહેશે તેમજ નવા UDISE નંબર દર્શાવવાના રહેશે.

## અમદાવાદના ગોતામાં નકલી ટોમેટો સોસ બનાવતી દુકાન સીલ, 10,630 કિલો જથ્થો જપ્ત

અમદાવાદઃ અમદાવાદ શહેરના ગોતાના મેલડી એસ્ટેટમાં આવેલા ‘શ્રી ખોડિયાર ગૃહ ઉદ્યોગ’ એકમ સામે અમદાવાદ મનપાના ફૂડ સેફ્ટી વિભાગે દરોડાની કાર્યવાહી હાથ ધરી આ એકમને સીલ કરીને તૈયાર ઉત્પાદન અને કાચા માલનો કુલ 10,630 કિલોગ્રામ, કિંમત રૂ. 4,20,250નો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મનપાના આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે તપાસ દરમિયાન ટોમેટો સોસ જેવું દેખાતું ઉત્પાદન બનાવવામાં પાણી, ખાંડ, સ્ટાર્ચ પાવડર, બટાકા, મીઠું, કલર અને અન્ય ઘટકોનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું હતું. જોકે, ઉત્પાદન પ્રક્રિયામાં ટામેટાંનો ઉપયોગ થતો ન હોવાની નોંધ લેવાઈ હતી. લેબલ પર દર્શાવેલા ઘટકોની ખરીદીના આધારભૂત બિલ રજૂ ન થતાં વિભાગે કાર્યવાહી કરી હતી. ફૂડ સેફ્ટી વિભાગે સ્ટાર્ચ પાવડર, સિન્થેટિક ફૂડ કલર, બટાકાની પેસ્ટ, ટોમેટો પેસ્ટ તરીકે દર્શાવાતું ઉત્પાદન અને ફ્રૂટ સ્ક્વોશ સહિત પાંચ નમૂના લેબોરેટરી તપાસ માટે લીધા છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી જથ્થાનું વેચાણ અને વિતરણ અટકાવવામાં આવ્યું છે. લેબોરેટરીના અહેવાલ અને વધુ તપાસના આધારે એકમનું FSSAI લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

# ઈન્સ્ટાગ્રામથી અમદાવાદમાં ગરબાના નકલી પાસ વેચવાનું કૌભાંડ

**ઇવેન્ટ** ઓર્ગેનાઇઝરના નામ અને લોગોનો દુરુપયોગ કરી ડિસ્કાઉન્ટમાં પાસ વેચવાની જાહેરાત

**ક્રાઇમ** સાયબર સેલે તપાસ હાથ ધરી

અમદાવાદઃ અમદાવાદમાં નવરાત્રિના તહેવાર દરમિયાન ગરબાના શોખીનોને સસ્તા ભાવે પાસ આપવાની લાલચ આપી છેતરપિંડી કરવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના સાયબર સેલમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે ‘veer.rajjputtt’ નામના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી ‘નવરાત્રિ ગરબા પાસ અવેલેબલ’ શીર્ષક હેઠળ પોસ્ટ મૂકવામાં આવી હતી. આ પોસ્ટમાં ગરબા ઈવેન્ટના આયોજકની કંપનીનું નામ અને લોગો વાપરીને વિવિધ મોટા ગરબા ઈવેન્ટના પાસ સસ્તા ભાવે આપવાની જાહેરાત કરવામાં આવી હતી. એટલું જ નહીં, બલ્ક ઓર્ડર પર વિશેષ ડિસ્કાઉન્ટ મળતું હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ઓમ સોલંકી નામના વ્યક્તિએ 12 ઓક્ટોબરે કંપનીના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સંપર્ક કરીને નકલી પાસ વેચાતા હોવાની જાણ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પાસની સત્યતા ચકાસવા માટે તેણે વેચનારનો સંપર્ક કર્યો હતો અને રૂ. 3,100માં એક પાસ ખરીદ્યો હતો. વેચનારે કંપનીના માલિક સાથે વાત કરી હોવાનો દાવો કરીને QR કોડ ધરાવતી ટિકિટનો સ્ક્રીનશોટ અને કન્ફર્મેશન ઈમેઈલ મોકલ્યો હતો. જોકે, કંપની દ્વારા તપાસ કરતાં ટિકિટ નકલી હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, કન્ફર્મેશન ઈમેઈલ ‘anantexperience@gmail.com’ નામના ઈમેઈલ આઈડી પરથી મોકલવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# સાઉદી ક્રાઉન પ્રિન્સ હુથીઓના ડરથી એક બંકરથી બીજા બંકરમાં ભાગી રહ્યા છે



હુથીઓના હુમલાના ડરથી સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બંકરમાં છુપાઈ ગયા છે. હુથીઓ તેમની હત્યા કરી નાખશે એવા ભયથી તેઓ રોજ બંકરો બદલી રહ્યા છે. મોહમ્મદ બિન સલમાન કાગળના વાઘ પુરવાર થયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને હુથીઓના હુમલા સામે સંરક્ષણ આપવાનો ઇનકાર કરી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ તો હવે હુથીઓ સાથે કુલડીમાં ગોળ ભાંગી રહ્યા છે. ઇઝરાયેલે સાઉદી અરેબિયાને હુથીઓ સામે મદદ કરવાની ઓફર કરી છે, પરંતુ તે માટે અબ્રાહમ કરાર પર સહી કરવાની શરત મૂકી છે. સાઉદી અરેબિયા આ શરત માની શકે તેમ નથી, કારણ કે તેની પહેલી શરત ઇઝરાયેલને માન્યતા આપવાની છે. હુથીઓથી બચવા સાઉદી અરેબિયાએ મક્કા કરાર પર સહી કરી, જેમાં પાકિસ્તાન અને તુર્કી પણ સામેલ છે. સાઉદી અરેબિયા પર હુથીઓના સતત હુમલાઓ છતાં પાકિસ્તાન કે તુર્કી તેના સમર્થનમાં મેદાનમાં ઊતરવા તૈયાર નથી, કારણ કે તેઓ પણ હુથીઓના હુમલાથી ડરે છે. શું હુથીઓ હવે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને સત્તા પરથી દૂર કરવાની તૈયારી કરી રહ્યા છે? આ પ્રશ્ન એટલા માટે ઊભો થાય છે, કારણ કે યમનના હુથી લડવૈયાઓ સાઉદી અરેબિયાનાં વિવિધ ઠેકાણાંઓ પર સતત ડ્રોન અને મિસાઇલ વડે હુમલાઓ કરી રહ્યા છે.

હુથીઓના અવિરત હુમલાઓ સામે સાઉદી અરેબિયા સંપૂર્ણપણે લાચાર દેખાય છે. તાજેતરના હુમલામાં હુથીઓએ સાઉદી યુરોફાઇટર ટાયફૂન જેટ તોડી પાડવાનો દાવો કર્યો છે. જોકે, સાઉદી અરેબિયાએ આ વાતની પુષ્ટિ કરી નથી. એક અગ્રણી હુથી નેતા મોહમ્મદ અલ બુખૈતીએ જાહેરાત કરી છે કે તેમનું જૂથ સાઉદી અરેબિયામાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને સત્તા પરથી દૂર કરવાના હેતુથી ચાલતી કોઈપણ આંતરિક ચળવળને સમર્થન આપશે. આનો અર્થ એ છે કે હુથીઓએ સ્પષ્ટ કરી દીધું છે કે જો મોહમ્મદ બિન સલમાનને સત્તા પરથી દૂર કરવા માટે સાઉદી અરેબિયામાં કોઈ અવાજ ઉઠાવવામાં આવશે અથવા કોઈ પ્રદર્શન કરવામાં આવશે, તો તેઓ તેને સંપૂર્ણ સમર્થન આપશે. અમેરિકાએ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવા માટે જે દાવ ખેલ્યો હતો, તેવો જ દાવ હવે હુથીઓ મોહમ્મદ બિન સલમાનને પદભ્રષ્ટ કરવા માટે રમી રહ્યા છે.

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

યમનના હુથી બળવાખોરોએ તાજેતરમાં સાઉદી અરેબિયાની રાજધાની રિયાધના એરપોર્ટ પર મિસાઇલ હુમલો કર્યો હતો. લશ્કરી રીતે શક્તિશાળી રાષ્ટ્ર સાઉદી અરેબિયા માટે આ એક મોટો ફટકો છે. આનાથી દેશના મહત્ત્વપૂર્ણ લશ્કરી માળખાગત સુવિધાઓની સુરક્ષા અંગે ચિંતાઓ વધી છે, એટલું જ નહીં, મોહમ્મદ બિન સલમાન (MBS)ની સુરક્ષા અંગે પણ આંતરિક ચિંતાઓ વધી છે. પરિણામે, MBSની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. *વોલ સ્ટ્રીટ જર્નલ*ના જણાવ્યા અનુસાર, હુથી હુમલાઓમાં વધારો થયા બાદ મોહમ્મદ બિન સલમાન બંકરની સુવિધાવાળા અને ભારે કિલ્લેબંધી ધરાવતા મહેલોમાં સાવધાનીપૂર્વક છુપાઈ રહ્યા છે. તેમની સાથે ખાસ પસંદ કરાયેલા રક્ષકોનો સમૂહ પણ છે. સાઉદી અરેબિયા પાસે ખાસ કરીને ઇન્ટરસેપ્ટર મિસાઇલોના અભાવને કારણે તેની ઊર્જા સુવિધાઓ અને શાહી મહેલોની સુરક્ષા અંગે ચિંતાઓ ઊભી થઈ છે.

ગયા રવિવારે થયેલો હુમલો સાઉદી અરેબિયામાં એક દાયકામાં થયેલા સૌથી ભયંકર હુમલા બાદના ૨૪ કલાકમાં થયો હતો. તે હુમલા દરમિયાન એક મિસાઇલ કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પડી હતી, જેમાં ૧૩ લોકો માર્યા ગયા હતા અને સેંકડો ઘાયલ થયા હતા. આ બંને હુમલાઓએ સાઉદી અરેબિયામાં સત્તા પર રહેલા લોકોને સંદેશ આપ્યો છે કે તેઓ સુરક્ષિત નથી. હુથી મિસાઇલો રિયાધ સુધી પહોંચે છે અને સાઉદી હવાઈ સંરક્ષણ તેમને અટકાવવામાં નિષ્ફળ જાય છે, તેથી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને છુપાઈ જવાની ફરજ પડી છે. મોહમ્મદ બિન સલમાન છેલ્લા છ દિવસથી બંકરની સુવિધાવાળા અને ભારે સુરક્ષાવાળા મહેલો વચ્ચે ફરતા રહે છે. તેઓ છેલ્લે મંગળવારે જાહેરમાં જોવા મળ્યા હતા, જ્યારે તેમણે રાષ્ટ્રીય ચેરિટી અભિયાનના સમર્થનમાં રક્તદાન કર્યું હતું. રાજધાની રિયાધમાં શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે.

ઈરાની વિમાન સના એરપોર્ટ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે સાઉદી અરેબિયાએ ગોળીબાર કર્યો હોવાનો આરોપ લગાવ્યા બાદ હુથી બળવાખોરોએ ફરી હુમલાઓ શરૂ કર્યા હતા. હુથી બળવાખોરોને ઈરાનનું સમર્થન છે અને તેઓ ઈરાનના સૌથી મોટા સમર્થકોમાંના એક છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઈરાન અરબી દ્વીપકલ્પમાં બની રહેલી ઘટનાઓ અંગે ખૂબ ચિંતિત છે. આ લડાઈથી ફક્ત ઇઝરાયેલી સરકારને જ ફાયદો થશે.

*વોલ સ્ટ્રીટ જર્નલ*એ સાઉદી અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોર જૂથના અવિરત હુમલાઓને રોકવા માટે જરૂરી ઇન્ટરસેપ્ટર મિસાઇલોનો સાઉદી અરેબિયામાં જથ્થો ખૂટી રહ્યો છે, જેના કારણે સૈન્યની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો છે. અહેવાલ મુજબ, સાઉદી અરેબિયાને સમગ્ર દેશને હવાઈ સંરક્ષણ પૂરું પાડવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ ઊર્જા માળખાં અને મહેલોને સુરક્ષિત રાખવા માટે મિસાઇલ સંરક્ષણ બેટરીઓને એક સ્થાનેથી બીજા સ્થાને ખસેડવામાં આવી રહી છે.

સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને ગુરુવારે ઇસ્લામના પવિત્ર શહેર મદીના તરફ છોડવામાં આવેલી મિસાઇલને અટકાવવાનો દાવો કર્યો હતો. ગઠબંધને કહ્યું હતું કે આ ઘટના હુથી બળવાખોરોના તાજેતરના એ વચનનો વિરોધાભાસ કરે છે કે તેઓ મક્કા કે મદીનાને નિશાન બનાવશે નહીં. થોડા સમય પછી, હુથીઓએ દાવો કર્યો કે તેઓ આ હુમલા માટે જવાબદાર નથી. સાઉદી અરેબિયાએ ગયા મહિને હુથી બળવાખોરો પર મક્કા પર હુમલા કરવાનો આરોપ લગાવ્યો હતો. હુથી બળવાખોરો સામે લડી રહેલા સાઉદીની આગેવાની હેઠળના લશ્કરી ગઠબંધને એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે તેણે મદીના વિસ્તારમાં એક ક્રુઝ મિસાઇલને સફળતાપૂર્વક અટકાવી દીધી હતી. મદીના ઇસ્લામનાં સૌથી પવિત્ર શહેરોમાંનું એક છે અને હુથીઓએ અગાઉ તેને નિશાન ન બનાવવાનું વચન આપ્યું હતું. જોકે, હુથીઓએ કહ્યું કે તેમણે મદીના વિસ્તારમાં કોઈ હુમલો કર્યો નથી.

સાઉદી અરેબિયા એક દાયકાથી વધુ સમયમાં પોતાની ધરતી પર થયેલા સૌથી ઘાતક હુમલાઓનો સામનો કરી રહ્યું છે. યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરો સાઉદી અરેબિયામાં વિનાશ મચાવી રહ્યા છે ત્યારે રિયાધ કેવી રીતે પ્રતિક્રિયા આપશે તે અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સાઉદી અરેબિયાએ ગયા અઠવાડિયે હુથીઓ સામે લડી રહેલા યમનના સરકારી દળોને ટેકો આપવા માટે એક મોટું ઓપરેશન શરૂ કર્યું હતું, પરંતુ બળવાખોરોએ અત્યાર સુધી પોતાનો કબજો જાળવી રાખ્યો છે. તેમણે સાઉદી અરેબિયા વિરુદ્ધ પોતાનું અભિયાન વધુ તીવ્ર બનાવ્યું છે, જેમાં સપ્તાહના અંતે રિયાધના કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર થયેલો મિસાઇલ હુમલો પણ સામેલ છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા. અમેરિકા સાથેના સંઘર્ષમાં ઈરાનની રણનીતિ અપનાવીને હુથી બળવાખોરો સાઉદી અરેબિયાના મહત્ત્વપૂર્ણ ઊર્જા માળખાંને નિશાન બનાવીને અને વૈશ્વિક અર્થતંત્રને અસર કરીને સંઘર્ષને વધુ ઉગ્ર બનાવવાની ધમકી આપી રહ્યા છે.

લશ્કરી કાર્યવાહી અને વાટાઘાટો દ્વારા હુથીઓની પ્રગતિને રોકવાના અગિયાર વર્ષના પ્રયાસો પછી સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને તેમના ભાઈ તથા સંરક્ષણ પ્રધાન ખાલિદ બિન સલમાન પાસે મર્યાદિત વિકલ્પો બાકી રહ્યા છે. હુથી બળવાખોરો વધુ મજબૂત બન્યા છે, મુખ્ય શહેરો પર પોતાનું નિયંત્રણ મજબૂત કરી રહ્યા છે અને તાઇઝ જેવાં યમનનાં અન્ય શહેરો પર કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધી સાઉદી અરેબિયાએ મુખ્યત્વે હુથી વિરોધી યમનના ગઠબંધનને હવાઈ કવચ પૂરું પાડવા સુધી જ પોતાની ભૂમિકા મર્યાદિત રાખી છે અને જમીન પર પોતાના સૈનિકોની મોટી સંખ્યામાં તૈનાતી ટાળી છે. રિયાધ પરના હુમલા પછી પણ આ સંયમ જળવાઈ રહેશે કે કેમ તે એક મહત્ત્વનો પ્રશ્ન છે. યમનમાં મોટી સંખ્યામાં સાઉદી સૈનિકો મોકલવાથી દેશ એક ખર્ચાળ અને થકવી નાખનારા ભૂમિ યુદ્ધમાં ફસાઈ જશે. તેનાથી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન જે છબી કાળજીપૂર્વક બનાવી રહ્યા છે, તેને પણ ભારે નુકસાન થઈ શકે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**એક અગ્રણી હુથી નેતાએ જાહેરાત કરી છે કે તેમનું જૂથ સાઉદી અરેબિયામાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને સત્તા પરથી દૂર કરવાના હેતુથી આંતરિક ચળવળને સમર્થન આપશે**

# BUSINESS મિત્ર

GIFT સિટીથી ગોલ્ડ રિફાઇનિંગ ક્ષેત્રે નવી ક્રાંતિ

# ભારતીય ગોલ્ડ રિફાઇનરીઓ માટે વૈશ્વિક દ્વાર ખુલ્યા

**IFSCAની** નવી ગાઇડલાઇન્સથી ભારત બુલિયન એક્સપોર્ટ હબ બનશે

**લંડન** અને ન્યૂ યોર્ક જેવા આંતરરાષ્ટ્રીય ધોરણો અપનાવવા પડશે; 8 વર્ષનો રેકોર્ડ, સપ્લાય ચેઇન મોનિટરિંગ અને કડક ઓડિટિંગ ફરજિયાત

મુંબઈ, તા. 17: IFSCAએ ‘ગુડ ડિલિવરી ગાઇડલાઇન્સ 2026’ રજૂ કરી છે, જે ભારતીય ગોલ્ડ રિફાઈનરીઓને વૈશ્વિક ધોરણો સાથે સુસંગત થવાની તક આપશે. ‘ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ’ (IIBX) ના માધ્યમથી, આ પહેલનો ઉદ્દેશ્ય ભારતને સોનાના એક મોટા ઉપભોક્તાને સ્થાને વૈશ્વિક નિકાસ કેન્દ્રમાં પરિવર્તિત કરવાનો છે. આનાથી 1200 ટનની રિફાઈનિંગ ક્ષમતા ધરાવતા એકમો માટે નવા બજારોના દ્વાર ખુલશે, પરંતુ તેની લાંબા ગાળાની અસર એ વાત પર નિર્ભર રહેશે કે સ્થાનિક રિફાઈનરીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વાસપાત્રતા કેળવવા માટે જરૂરી કડક નિયમનકારી પાલન (compliance) અને ઓડિટિંગના ખર્ચને કેટલી ઝડપથી સંભાળી શકે છે.

ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) એ ગુડ ડિલિવરી માર્ગદર્શિકા 2026 બહાર પાડી છે, જે લંડન અને ન્યુ યોર્ક જેવા મુખ્ય કેન્દ્રોમાં ઉપયોગમાં લેવાતા આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક સાથે મેળ ખાતી ભારતીય ગોલ્ડ રિફાઈનરીઓને અપગ્રેડ કરવાના હેતુથી નીતિગત ફેરફાર છે. ભારતમાં હાલમાં વાર્ષિક આશરે 1,200 ટન ગોલ્ડ રિફાઈનિંગ ક્ષમતા છે, જે તેના સ્થાનિક વપરાશ કરતાં નોંધપાત્ર રીતે 800 થી 850 ટનની છે. આ સરપ્લસ હોવા છતાં, આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્રના અભાવને કારણે ભારતીય રિફાઈન્ડ સોનાને વૈશ્વિક બજારોમાં પ્રવેશવામાં હંમેશા પડકારોનો સામનો કરવો પડ્યો છે.

નવી માર્ગદર્શિકામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે રિફાઈનર્સને કડક પ્રોટોકોલનું પાલન કરવાની જરૂર છે. આમાં સોનાના અંતિમ માલિકોની ઓળખ કરવી, ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી વિગતવાર વ્યવહાર રેકોર્ડ જાળવવા અને સપ્લાય ચેઈન મોનિટરિંગ લાગુ કરવાનો સમાવેશ થાય છે જેથી ખાતરી કરી શકાય કે સોનું સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાંથી ન આવે. આ નિયમોને ઔપચારિક બનાવીને, નિયમનકારનો ઉદ્દેશ્ય ભારતીય-રિફાઈન્ડ ઉત્પાદનોને વૈશ્વિક એક્સચેન્જો પર સ્વીકારવા માટે જરૂરી સંસ્થાકીય વિશ્વાસ બનાવવાનો છે. આ પહેલ હેઠળ GIFT સિટીમાં સ્થિત ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) ને આ પારદર્શક નિકાસ કાર્યો માટે મુખ્ય પ્લેટફોર્મ તરીકે ઉપયોગમાં લેવાશે.

વૈશ્વિક એકીકરણ માટે આ દિશામાં આગળ વધવું તે એક મુખ્ય વ્યૂહાત્મક પગલું છે, પરંતુ તે ઉદ્યોગ માટે નવા પડકારો લાવે છે. સ્થાનિક રિફાઈનર્સ માટે પ્રાથમિક અવરોધ આ કડક ઓડિટ ધોરણોને પૂર્ણ કરવાની કિંમત અને કાર્યકારી મુશ્કેલી હશે. હાલમાં બધી સ્થાનિક રિફાઈનરીઓ પાસે આવા કડક ડ્યુ ડિલિજન્સનું પાલન કરવા માટે માળખાગત સુવિધાઓ અથવા સિસ્ટમો નથી.

# કલમ 122 (1 A) હેઠળનો દંડ કોઇ પણ વ્યકિતને તા. 1-1-2021થી થયેલ વ્યવહારો માટે લાગુ પડે

**- નામદાર દિલ્હી હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો**

**કાયદાની કેડીએ...**

ઈશ્વર રૂદલાલ

GST કાયદાની કલમ 122 હેઠળ કેટલાક ગુનાઓ માટે દંડની જોગવાઇ કરવામાં આવી છે. તો આ કલમ હેઠળ નવી પેટા કલમ 122 (1A) તા. 1-1-21થી દાખલ કરીને કોઇ વ્યકતીએ બિલ આપ્યા વગર માલ કે સેવાનો સપ્લાય કરીને કે સેવાનો સપ્લાય કર્યા વગર બિલો આપીને વિ.ની ઈન્પૂટ ટેક્ષ ક્રેડિટ લીધી કે વ્હેંચીને લાભ જાળવી રાખી અને તેની સૂચનાથી આ વ્યવહારો થયેલ હોય તેને દંડ કરવાની જોગવાઇ ઉમેરવામાં આવેલ છે. ત્યારે આ નવી કલમ 122 (1A)ની જોગવાઇ કાયદા હેઠળ કોઇ પણ વ્યક્તિ પછી તે નોંધાયેલ હોય કે નહીં તેઓને તા. 1-1-2021-26 થયેલ વ્યવહારો માટે જ લાગુ પડે છે એવો અગત્યનો ચૂકાદો ના.દિલ્હી હાઇકોર્ટે તાજેતરમાં આપ્યો છે. ખેર ! ના.દિલ્હી હાઇકોર્ટના પરાગ ગર્ગ વિ. કમિશ્નર- CGST-દિલ્હી-રી.પી.નં. 13883/2026ના તા. 29-9-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

અરજદાર કંપની વિરૂદ્ધ કલમ 74 હેઠળ તા. 22-1-25નો ઓર્ડર પસાર કરીને સરકયુલર ટ્રેડીંગ કરીને માલનો સપ્લાય કર્યા વગર બીલો આપીને આશરે રૂ.25 કરોડની ખોટી ITC લીધાના કારણસર માંગણુ ઉપસ્થિત કરવામાં આવ્યું હતું. તો. આ ઉપરાંત કંપનીના પ્રત્યેક ત્રણ ડિરેકટરો ઉપર તેટલીજ રકમનો વ્યકિતગત દંડ લાદતો ઉપરાંત પ્રત્યેક કલમ 125 હેઠળ પ્રત્યેકને રૂા. 25000/-નો દંડ લાદતો આદેશ પસાર કરવામાં આવતા, આ આદેશ ના. દિલ્હી હાઈકોર્ટ રિટપીટીશન દાખલ કરી પડકારવામાં આવ્યા હતા.

**દલીલ...**

અરજદાર મિટવાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે બજાવવામાં આવેલ નોટિસમાં કે ઓર્ડરમાં ડિરેકટરોની ખોટા વ્યવહારોમાં કોઈ ભૂમિકા હતી. તેવા કોઈ આરોપો નથી. ડિરેકટરો તો ફકત કર્મચારી છે અને તેઓ કંપનીના પ્રમોટરો કે શેર હોલ્ડરો નથી. તેઓએ કોઈ લાભ લીધો હોય તેવું કોઈ તારણ નોંધવામાં આવેલ નથી. તો કલમ 122(1A) તા. 1-1-2021થી તરત અને સ્વતંત્ર જોગવાઈ અમલમાં લાવેલ હોય, તે અગાઉના વ્યવહારોમાં તે જોગવાઈ લાગુ પડતી નથી.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે કલમ 122ની પેરા કલમ (1)માં નોંધાયેલ વ્યકિતનો ઉલ્લેખ છે જયારે પેટા કલમ 122 (1A) નાં કોઈ પણ વ્યકિતનો ઉલ્લેખ છે. આમ ધારસભાએ એક જ કલમમાં જૂદા જુદા શબ્દોનો પ્રયોગ કર્યો છે અને તેથી અલગ અલગ અર્થ આપવાનો રહે. એમ ન કરવામાં આવે તો પેટા કલમ 122(1A)નાં કોઈ પણ વ્યકિતનો ઉલ્લેખ છે. આમ ધારાસભાએ એખ જ કલમમાં જૂદા જૂદા શબ્દોનો પ્રયોગ કર્યો છે અને તેથી અલગ અલગ અર્થ આપવાનો રહે. એમ ન કરવામાં આવે તો પેટા કલમ 122(1A)નો ઉદ્દેશ માર્યો જશે. GST કાઉનસિલની 38મી મીસીંગની મીનીટ્સ જોવામાં આવે તો. બોગસ બિલોનો ઉપદ્રવ ડામવા માટે નોંધાયેલ વ્યકિત ઉપરાંત ખોટા બિલોનો લાભ લેનાર પર જવાબદારી લાદવાનો આ જોગવાઈ પાછળ ઈરાદો હતો અને ના.હાઈકોર્ટે ઠરાવ્યું કે કલમ 122(1A) કરપાત્ર વ્યકિતને નહીં પરંતુ કોઈ પણ વ્યકિતને લાગુ પડે છે તો. ના.હાઈકોર્ટે કલમ 122 અને 12R થી તુલના કરતા જણાવ્યું કે જે સંજોગોમાં કલમ 122 લાગુ પડે છે તેજ સંજોગોમાં કલમ 132 હેઠળ નાણાંકિય મર્યાદા ઓળગાંય તો કલમ 132 હેઠળ ફોજદાર કાર્યવાહી થઈ શકે છે. કલમ 122 (1A) અને કલમ 132માં કોઈ પણ વ્યકિત જેવા શબ્દોનો પ્રયોગ થયેલ છે. કલમ 122 (1A) માં નાણાંકિય દંડ જયારે કલમ 132માં ફોજદારી કાર્યવાહી અને જેલની સજા થઈ શકે છે. આમ કલમ 122 (1A) માં દિવાની દંડ ભારવાની જોગવાઈ હોવાના કારણે તેને અસરથી લાગુ પાડી શકાય નહીં આમ તા. 1-1-21 પછી થયેલ કાર્યો- વ્યવહારો માટે કલમ 122 (1A) હેઠળ દંડ લાદી શકાય. આમ કરાવી અરજદારોને ઓરીજનલ ઓર્ડર સામે કલમ 107 હેઠળ ચાર અઠવાડિયામાં અપીલ કરવા ફરમાવ્યું. તો... તે અપીલ લીમીટેશન કારણો ડિસમીસ કરવાની રહેશે નહીં. અને તેનો ગુણદોષને આધારે નિર્ણય કરવાનો રહેશે.

# આઈટી શેરોમાં 18 વર્ષની સૌથી મોટી સાપ્તાહિક તેજી

**એક જ** અઠવાડિયામાં રોકાણકારોની સંપત્તિ 2.8 લાખ કરોડ વધી

મુંબઈ, તા. 17ઃ દેશમાં આઈટી સેક્ટરમાં 18 વર્ષ બાદ સૌથી મોટી સાપ્તાહિક તેજી જોવા મળી છે. વિતેલા સપ્તાહમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 11.7 ટકા ઉછળ્યો છે. આ ઉછાળા પાછળના કારણોમાં સપ્ટેમ્બર કવાર્ટરના અપેક્ષા કરતા સારા પરિણામો, નવા ઓર્ડર અને આકર્ષક મુલ્યાંકનના લીધે શેરોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. આ સમયગાળામાં આઈટી કંપનીઓની સંયુક્ત માર્કેટ કેપમાં રૂ. 2.8 લાખ કરોડનો વધારો થયો હતો. આઈટી શેરોમાં આ ઉછાળાના કારણોમાં એશિયન સેમિકન્ડકટર શેરોમાં કડાકો પણ જોવા મળ્યો છે. જેના લીધે આઈટી શેરોમાં ભરપૂર જોશ જોવા મળ્યો હતો.

રોકાણકારોનો વિશ્વાસ જુની આઈટી કંપનીઓમાં વધ્યો છે. જેમની પાસે કમાણીનો મજબૂત સ્ત્રોત છે અને વધુ સારા ઓપરેટિંગ માર્જિન છે. નિષ્ણાતોના મતે આ વધારા પાછળ ઘણા કારણો હતા. સપ્ટેમ્બર કવાર્ટર માટે અપેક્ષિત પરિણામો કરતા વધુ સારા પરિણામો, ભાવિ વ્યવસાય અંગે મજબૂત ગાઈડન્સ અને સતત નવા સોદાઓએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે અને સૌથી મહત્વની બાબત લાંબા સમયથી ઘટી રહ્યા હોવાથી આઈટી શેરોનું વેલ્યુએશન આકર્ષક બન્યું હતું.

નિષ્ણાતોના મતે ભારતની આઈટી સર્વિસ કંપનીઓનો બિઝનેસ ધીમે ધીમે સ્થિર થઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષથી આ ક્ષેત્રની કંપનીઓ ખર્ચમાં ઘટાડો અને ધીમી વૃદ્ધિ જેવા પડકારોનો સામનો કરી રહી છે.

# અમેરિકન ટેરિફનો ડર દૂર થયો, પણ ક્રુડ 110 ડોલરને પાર

**ઇરાન** ઉપર અમેરિકાના મોટાપાયે હુમલા થશે તો ફરીથી મીડલ ઇસ્ટમાં માહોલ બગડશે, ક્રુડના ભાવ વધુ ઉછળવાની ભીતિ

નવી દિલ્હી, તા. 17ઃ રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવા માટે ભારત પર નવા યુએસ ટેરિફ લાદવાની સમસ્યા હાલ પુરતી ટળી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર પ્રતિબંધો લાદવાના કાયદા હેઠળ સુચિત નવા પ્રતિબંધો અને ટેરિફ લાદવાને માફ કરી દીધા છે. આમ છતાં, આજે ક્રુડ ઓઈલનો ભાવ 110 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયો છે. જેમાં અમેરિકા ઈરાન પર મોટાપાયે હુમલો કરશે તેવા અહેવાલોથી ક્રુડ ઓઈલના ભાવ ઉછળ્યા હતા.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર રશિયાના ક્રુડ ઓઈલ પરના યુએસ ટેરિફ નહીં લાદતા ભારતીય બજારોને રાહત મળી શકે છે. કારણ કે રશિયા પાસે ક્રુડ ઓઈલની ખરીદી અંગેની અનિશ્ચિતતાનું એક મોટું કારણ દુર કરવામાં આવ્યુ છે. આ સપ્તાહની શરૂઆતમાં 12થી 16 ઓકટોબર દરમ્યાન ભારતીય શેરબજારમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સેન્સેક્સ અને નિફ્ટીએ એપ્રિલ 2026ના પ્રથમ સપ્તાહ પાછી સૌથી મોટો સાપ્તાહિક લાભ હાંસલ કર્યો છે. આઈટી શેરોમાં મજબૂત તેજીએ બજારને ટેકો આપ્યો હતો. જોકે, વધતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને આજે બ્રેન્ટ ક્રુડના ભાવમાં 3.7 ટકાનો ઉછાળો આવ્યો છે.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ ’’ | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૦૬૫૦ |
| તેજાબી સોનું | ૧૫૦૫૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૩૧૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૭૬૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૦૬૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૪૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૬૪૦૦ |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |